# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 8-10-2024　　　　Morning : 7.45 to 7.55
Day : Tuesday　　　　National News

## આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

*****************************************************

- ભારતે માલદીવને 40 કરોડ ડૉલરની સહાય અને ત્રણ હજાર કરોડ રૂપિયાની દ્વિપક્ષીય ચલણ વિનિમયની સુવિધા પૂરી પાડી
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં વર્ષ 2022ના 70માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરશે.
- કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ એ આવકવેરા અધિનિયમ 1961ની સમીક્ષા કરવા માટે આંતરિક સમિતિની રચના કરી
- જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીની મત ગણતરી સવારે આઠ વાગ્યાથી શરૂ થશે
- ICC મહિલા T-20 ક્રિકેટ વર્લ્ડકપમાં આજે સાંજે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM MALDIVS TALKS

ભારતે માલદીવને 40 કરોડ ડૉલરની સહાય અને ત્રણ હજાર કરોડ રૂપિયાની દ્વિપક્ષીય ચલણ વિનિમયની સુવિધા પૂરી પાડી છે. આ સહાય માલદીવ સામે વર્તમાન નાણાકીય પડકારોને પહોંચી વળવા સહાયક બનશે. આ નિર્ણય નવી દિલ્હીમાં ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને માલદીવના રાષ્ટ્રપ્રમુખ ડૉ. મોહમ્મદ મુઈઝ્ઝુ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરના સંવાદ દરમિયાન લેવામાં આવ્યો હતો. બંને દેશે ભ્રષ્ટાચારને રોકવા તેમજ તેને પહોંચી વળવા દ્વિપક્ષીય સહયોગ સહિત 2 સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

ડૉ. મુઈઝ્ઝુ સાથે સંવાદ બાદ પ્રધાનમંત્રીએ કહ્યું કે, ‘ભારત અને માલદીવે પોતાના સહયોગને વ્યૂહાત્મક દિશા આપવા માટે વ્યાપક આર્થિક અને દરિયાઈ સલામતી ભાગીદારીનો દ્રષ્ટિકોણ અપનાવ્યો છે.’ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ગઈકાલે નવી દિલ્હીમાં માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મુઈઝુ સાથે મુલાકાત કરી હતી. રાષ્ટ્રપતિએ તેમના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. બંને નેતાઓએ બહુપક્ષીય ભારત-માલદીવ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી અને સંબંધોને વધુ વધારવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો..

રાષ્ટ્રપતિએ કહ્યું કે ‘પાડોશી પ્રથમ અને ‘વિઝન સાગર’ નીતિઓ હેઠળ માલદીવ, ભારતનું નજીકનું અને મહત્વપૂર્ણ ભાગીદાર છે.

# NATIONAL FILM AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં વર્ષ 2022 માટેનાં 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરશે. આ પ્રસંગે, સુપ્રસિદ્ધ અભિનેતા મિથુન ચક્રવર્તીને સિનેમા ક્ષેત્રે સર્વોચ્ચ એવા દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

રિષભ શેટ્ટીને કન્નડ ફિલ્મ કન્તારામાં ઉત્તમઅભિનય માટે શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર એનાયત કરવામાં આવશે. તામિલ ફિલ્મ થિરુચિત્રામ્બલમ માટે નિત્યા મેનન અને ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસ માટે માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રીનાં પુરસ્કાર એનાયત કરવામાં આવશે. સંગીતમાં અરિજીત સિંહ શ્રેષ્ઠ પાર્શ્વગાયકનો અને બોમ્બે જયશ્રીને શ્રેષ્ઠ પાર્શ્વગાયિકાનો પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

# RAJNATH---DEFCONNECT-4.0.RTF

સરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આંતરરાષ્ટ્રીય સુરક્ષા પડકારો અને ભાવિ સંકટને ધ્યાનમાં રાખીને ખાસ કરીને ભારત માટે તકનીકી નવીનતાઓ માટે હાકલ કરી છે. ગઇકાલે નવીદિલ્હીમાં DefConnectની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કરતાં શ્રી સિંહે જણાવ્યું હતું કે સરકાર એક મજબૂત અને આત્મનિર્ભર સંરક્ષણ ક્ષેત્રના લક્ષ્યને હાંસલ કરવા જાહેર અને ખાનગી ક્ષેત્રને સંપૂર્ણ સમર્થન આપવા પ્રતિબદ્ધ છે.

તેમણે કહ્યું કે આ એક મહત્વપૂર્ણ મંચ છે જે સંરક્ષણ ક્ષેત્રમાં વિવિધ હિતધારકોને એક સાથે લાવે છે અને સંરક્ષણ ક્ષેત્રમાં ભારતને મજબૂત અને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરી શકે છે. તેમણે ખાનગી ક્ષેત્રને સશસ્ત્ર દળોની ભાવિ જરૂરિયાતો અને નવીન ટેકનોલોજી તરફ આગળ વધવા પ્રોત્સાહિત કર્યા..

# CBDT-INCOME-TAX.RTF

કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ એ આવકવેરા અધિનિયમ 1961ની સમીક્ષા કરવા માટે આંતરિક સમિતિની રચના કરી છે. નાણા મંત્રાલયે કહ્યું કે આ સમિતિનો ઉદ્દેશ્ય કાયદાને સરળ, સ્પષ્ટ અને સંક્ષિપ્ત બનાવવાનો છે. આનાથી વિવાદો અને કાનૂની કેસોમાં ઘટાડો થશે અને કરદાતાઓને વધુ નિશ્ચિતતા મળશે.

મંત્રાલયે ઈન્કમટેક્સ ઈ-ફાઈલિંગ પોર્ટલ પર તમામ હિતધારકો, નિષ્ણાતો અને સામાન્ય લોકો પાસેથી સૂચનો માંગ્યા છે. ભાષાનું સરળીકરણ, કાયદાકીય વિવાદોમાં ઘટાડો, અને બિનજરૂરી જોગવાઈઓને દૂર કરવા સંબંધિત ચાર શ્રેણીઓમાં સૂચનો માંગવામાં આવ્યા છે. આવકવેરા વિભાગની સત્તાવાર વેબસાઇટ પર ઇ-ફાઇલિંગ પોર્ટલ પર સૂચનો મોકલી શકાય છે..

# REV. COUNTING

જમ્મુ-કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે આજે સવારે 8 વાગ્યાથી મતગણતરી શરૂ થશે. બપોર સુધીમાં પરિણામ મળી જશે. પોસ્ટલ બેલેટની ગણતરી પહેલા કરવામાં આવશે. ચૂંટણી પંચે મતગણતરી સુચારુ રીતે થાય તેમાટે ઝીણવટભરી વ્યવસ્થા કરી છે.

કમિશનની વેબસાઇટ www.eci.gov.in.પર વલણો અને પરિણામો આપવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. મતગણતરી કેન્દ્રો પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા કરાઇ છે. જમ્મુ-કાશ્મીરમાં 873 ઉમેદવારોના રાજકીય ભાવિનો આજે નિર્ણય થશે. કેન્દ્રશાસિત પ્રદેશમાં 28 મતગણતરી કેન્દ્રો બનાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે જમ્મુ અને કાશ્મીરની 90 વિધાનસભા બેઠકો માટે ત્રણ તબક્કામાં મતદાન યોજાયું હતું. હરિયાણામાં મત ગણતરી માટે 22 જિલ્લામાં 90 મતગણતરી કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. હરિયાણાની 90 વિધાનસભા બેઠકો માટે 5 ઓક્ટોબરે મતદાન થયું હતું.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

# RBI MEETING

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ની નાણાકીય નીતિ સમિતિ (એમપીસી)ની ત્રણ દિવસીય સમીક્ષા બેઠક ગઇકાલે શરૂ થઈ હતી. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસની અધ્યક્ષતામાં આયોજિત આ બેઠક આવતીકાલે સમાપ્ત થશે. આર્થિક નિષ્ણાતોના મતે રિઝર્વ બેન્ક આ વખતે પણ રેપોરેટમાં કોઈ ફેરફાર નહીં કરે.

જોકે, ડિસેમ્બરમાં યોજાનારી એમપીસીની બેઠકમાં કેટલીક છૂટછાટનો અવકાશ છે." મોનેટરી પોલિસી કમિટીમાં નાગેશ કુમારની નિમણૂક કરવામાં આવી છે. રિઝર્વ બેંકના એમપીસીમાં આરબીઆઇના ગવર્નર શક્તિકાંત દાસ સહિત છ સભ્યો, ડેપ્યુટી ગવર્નર માઈકલ પાત્રા અને એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર રાજીવ રંજનો સમાવેશ થાય છે.

# ICC WOMEN CRICKET

ICC મહિલા T-20 ક્રિકેટ વર્લ્ડ કપમાં આજે સાંજે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે. આ મેચ ભારતીય સમય અનુસાર સાંજે 7:30 વાગ્યે શારજાહ ક્રિકેટ સ્ટેડિયમમાં શરૂ થશે. સ્પર્ધામાં બંને ટીમોએ પોતાની શરૂઆતની મેચો જીતી લીધી છે.

દરમિયાન શારજાહમાં ગઈ કાલે ઈંગ્લેન્ડે દક્ષિણ આફ્રિકાને સાત વિકેટે હરાવ્યું હતું. દક્ષિણ આફ્રિકાની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં માત્ર 124 રન જ બનાવી શકી હતી. ઇંગ્લેન્ડે સાત વિકેટ અને ચાર બોલ બાકી રહેતા જીતનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

પુરુષ ક્રિકેટમાં આવતી કાલે નવી દિલ્હીમાં અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે ભારત અને બાંગલાદેશ વચ્ચે બીજી ટી-20 મેચ રમાશે. ત્રણ મેચની શ્રેણીમાં ભારત એક-શૂન્યથી આગળ છે. રવિવારે રમાયેલી પ્રથમ મેચમાં ભારતે સાત વિકેટે વિજય મેળવ્યો હતો.-

# PIYUSH GOYAL SKILL DEVELPOMENT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગઈકાલે મુંબઈના કાંદિવલી વિસ્તારમાં 'કૌશલ્ય વિકાસ કેન્દ્ર'નું ઉદ્ઘાટન કર્યું છે. આ કેન્દ્રની સ્થાપના ભારતીય ઉદ્યોગ સંઘ, બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ વચ્ચે અનન્ય સહયોગ દ્વારા કરવામાં આવી છે. આ પ્રસંગે બોલતા શ્રી ગોયલે કહ્યું કે આ કેન્દ્ર કુશળ કામદારોની વધતી માંગને પૂરી કરશે.

કેન્દ્ર દ્વારા આગામી વર્ષમાં એક લાખથી વધુ ઉમેદવારો માટે રોજગારીની તકો ઊભી કરવાની અપેક્ષા સાથે, શ્રી ગોયલે જણાવ્યું હતું કે કેન્દ્ર ઉદ્યોગ અગ્રણીઓ અને તાલીમ કાર્યક્રમો વચ્ચેની ભાગીદારીને પ્રોત્સાહન આપીને શિક્ષણ અને વાસ્તવિક-વિશ્વની રોજગારી કૌશલ્ય પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. નવી સ્થપાયેલી વ્યાવસાયિક તાલીમ સંસ્થા શરૂઆતમાં ફેશન ટેક્નોલોજી, એ.સી. અને રેફ્રિજરેશન, ગેમિંગ અને એનિમેશન, ઝડપી સેવા રેસ્ટોરન્ટ્સ અને ડેટા અને સાયબર સુરક્ષા સહિતના ઉચ્ચ માંગવાળા ક્ષેત્રોમાં પાંચ વિશિષ્ટ ટૂંકા ગાળાના અભ્યાસક્રમો ઓફર કરશે.

આ પહેલની મુખ્ય વિશેષતા તરીકે, ભારતીય ઉદ્યોગ સંઘે અદ્યતન પ્રયોગશાળાઓ સાથે સુવિધા સજ્જ કરી છે અને તાલીમ પછી સફળ ઉમેદવારો માટે ઓછામાં ઓછા 75 ટકા પ્લેસમેન્ટ સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે..

# MP-ALAUDDIN KHAN FESTIVAL

મધ્યપ્રદેશના મૈહરમાં આજથી ઉસ્તાદ અલાઉદ્દીન ખાન સંગીત સમારોહ શરૂ થઈ રહ્યો છે. આ સંગીત સમારોહનું આ સુવર્ણ જયંતિ વર્ષ છે. ત્રણ દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમમાં દેશની જાણીતી હસ્તીઓ પોતાની કલાનું પ્રદર્શન કરશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે આ ઉત્સવનું આયોજન મધ્યપ્રદેશ સાંસ્કૃતિક વિભાગ, ઉસ્તાદ અલાઉદ્દીન ખાન મ્યુઝિક એન્ડ આર્ટ એકેડમી અને મૈહર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંયુક્ત રીતે 10 ઓક્ટોબર સુધી કરવામાં આવી રહ્યું છે. ઉસ્તાદ અલાઉદ્દીન ખાન દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સંગીત જગતમાં પ્રખ્યાત હતા. તેમણે મધ્યપ્રદેશમાં સંગીતની પરંપરાને આગળ વધારવા અને નવી પેઢીને સંગીત સાથે જોડવા માટે અથાક પ્રયાસો કર્યા.

આ પ્રસંગે બે પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે 'દેવી' નામનું પ્રથમ પ્રદર્શન દેવીના 108 નામો પર આધારિત લઘુ ચિત્ર ચિત્રોનો સંગ્રહ હશે, ત્યારે 'તંતુ' નામના તાર વાદ્યો પર ધ્યાન કેન્દ્રિત કરતું પ્રદર્શન યોજવામાં આવી રહ્યું છે..

# ARCTIC OPEN

2024 આર્કટિક ઓપન બેડમિન્ટન સ્પર્ધા આજથી ફિનલેન્ડના વાંટામાં શરૂ થઈ રહી છે. આ છ દિવસીય સ્પર્ધા 13 ઓક્ટોબરના રોજ પૂર્ણ થશે. પી.વી. સિંધુ, લક્ષ્યસેન અને કિદામ્બી શ્રીકાંતનો ભારતની 12 સભ્યોની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનની યુટ્યુબ ચેનલ - B.W.F. ટીવી. આર્કટિક ઓપન સ્પર્ધાનું જીવંત પ્રસારણ કરાશે.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરે છે  અનિલ પટેલ

- મોટાં ભાગનાં સ્થાનિક અખબારોએ માલદિવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝ્ઝુની ભારત મુલાકાતને પ્રથમ પાને સ્થાન આપ્યું છે- સંદેશનું હેડીંગ છે—માલદીવ ઘુંટણિયે, 30 અબજ ડોલરની સહાય લેવી પડી, તો નવગુજરાત સમયનું શિર્ષક છે- ચારાના જારી રહેગાઃ ભારત-માલદિવ્સ વચ્ચે 40 કરોડ ડોલરની કરન્સી સ્વેપ સમજૂતિ
- ગુજરાત સમાચારનું મથાળું છે-  વીમા અને સુરક્ષા વિના હજારો ભારતીયોને ઇઝરાયેલ મોકલાયાઃ નોકરીનાં બહાને ભારતીયોને યુધ્ધમાં ધકેલવામાં આવી રહ્યા છે.
- હિન્દુ એકતા માટે આરએસએસના વડા મોહન ભાગવતના નિવેદન મુદ્દે રાજકીય ઘમાસાણ—આ હેડલાઇન છે ફુલછાબની.
- અમદાવાદ મિરરે પ્રથમ પાને હેડલાઇનમાં પગાર વધારાની માંગણી સાથે સોમવારે 50 ટકા ટીઆરબી જવાન કામથી અળગા રહેતા ટ્રાફિક જામનાં સમાચાર પ્રકાશિત કર્યા છે
- શેરબજારમાં છેલ્લાં કેટલાંક દિવસનાં કડાકા અંગે દિવ્ય ભાસ્કરનો અહેવાલ જણાવે છે કે- છેલ્લાં છ દિવસમાં માર્કેટ કેપ 26 લાખ કરોડ ઘટી. – આ વર્ષે ભારતીય શેરબજારે 40 ટકા સુધી વળતર આપ્યું.
- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને મુખ્ય સચિવ રાજકુમાર આજે દિલ્હી જશે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળશે- આ સમાચારને સ્થાનિક પાના પર સ્થાન આપવામાં આવ્યું છે.

- ડેસ્ક અનિલ પટેલ